# બૉમ્બે બુલિયન ઍસોસિયેશનની શાખ બચાવવાનો જંગ

## પૃથ્વીરાજ કોઠારી રૂા. ૨૦૦ કરોડનો દીવાની અને ફોજદારી તેમ જ એસ. એલ. ઇન્ડસ્ટ્રીસ રૂપિયા એક કરોડની નુકસાની ભરપાઈનો દાવો માંડશે

**ઈબ્રાહિમ પટેલ તરફથી**

મુંબઈ, તા. ૧૬ : ૬૪ વર્ષનો સ્વર્ણિમ ઈતિહાસ ધરાવતાં બૉમ્બે બુલિયન ઍસોસિયેશન (બીબીએ) અને તેના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ સામે પ્રતિષ્ઠાભંગ બદલ રૂા. ૨૦૦ કરોડની કાયદેસરની લડાઈ લડવા સજ્જ થવાનો વારો આવ્યો છે. આ સંદર્ભની એક નોટિસ મેસર્સ રિદ્ધિસિદ્ધિ બુલિયન્સ લિમિટેડ અને તેના ચૅરમૅન પૃથ્વીરાજ કોઠારીએ વ્યક્તિગત ધોરણે તમામ લાગતાવળગતા પક્ષકારોને ૧૧ જાન્યુઆરીએ પાઠવી દીધી છે. આ નોટિસ મળ્યાના ત્રણ દિવસમાં જો તમામ પ્રતિવાદી પક્ષકાર તરફથી જવાબ વાળવામાં નહીં આવે તો પ્રતિષ્ઠાનો આ જંગ અદાલતમાં લડાવાની સંભાવના વધી જશે, એમ આજે પૃથ્વીરાજ કોઠારીએ એક મુલાકાતમાં કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે બીબીએની ૭૮૦ ફૂટ બેઝમેન્ટ મિલકતને એસ. એલ. ઈન્ડસ્ટ્રીઝને રૂા. ૫૦૦૦૦ના માસિક ભાડા ઉપરાંત પ્રત્યેક ગોલ્ડ કોઈન દીઠ રૂા. ૧ અને સિલ્વર કોઈન ઢાળવાની રોયલ્ટીવાળા કરારમાં ભ્રષ્ટાચારના આક્ષેપનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. રિદ્ધિસિદ્ધિ બુલિયન્સ લિમિટેડ જે બીબીએની સભ્ય છે, તેને બદલે પૃથ્વીરાજ કોઠારીની વ્યક્તિગત નાલેશી કરવાના ઈરાદાથી સભ્યપદેથી દૂર કરવા સંદર્ભની અખબારોમાં ફોટા સાથે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. હવે જો બીબીએ અને તેના ડિરેક્ટરો બિનશરતી માફી નહીં માગે તો અમારી કંપની અને હું એમ બન્ને રૂા. ૧૦૦ કરોડનો ક્રિમિનલ અને એટલી જ રકમનો સિવિલ કેસ અદાલતમાં દાખલ કરવાનો વિકલ્પ પસંદ કરીશું.

કોઠારીએ કહ્યું હતું કે વ્યક્તિગત રીતે હું બીબીએનો મેમ્બર નથી, પણ રિદ્ધિસિદ્ધિ બુલિયન્સનો મેમ્બર છું. વળી બીબીએની જગ્યા ભાડે આપવાના કરાર મેં વ્યક્તિગત ધોરણે નહીં પણ બીબીએના બોર્ડ ઑફ ડિરેક્ટર્સે સંયુક્ત અને સંગઠિત રીતે કર્યા હતા. આ કરારમાં મેં ભ્રષ્ટાચાર આચર્યો હોય તેવા કોઈ પ્રથમદર્શી પુરાવા પણ ઉપલબ્ધ નથી. મારો અને મારા બોર્ડ ઑફ ડિરેક્ટર્સના સંનિષ્ઠ પ્રયાસ બીબીએને આર્થિક રીતે સદ્ધર બનાવવાના હતા.

૭ જાન્યુઆરીએ મુંબઈની સિટી સિવિલ કોર્ટે મેમ્બરશિપ રદ કરવા સામે સ્ટે ઑર્ડર આપીને પૃથ્વીરાજ કોઠારીની માનહાનિ કરતાં કોઈ અખબારી નિવેદન નહીં કરવાનો બીબીએના ડિરેક્ટર્સ કે ચૅરમૅનને આદેશ આપ્યો હતો. છતાં એક પ્રતિષ્ઠિત અંગ્રેજી અખબારે નાલેશી કરતો અહેવાલ છાપીને અદાલતી અવમાનના કરી છે. અમે આ અખબારને કન્ટેમ્પ ઑફ કોર્ટની નોટિસ પાઠવવાની વિચારણા કરીશું એમ કોઠારીએ જણાવ્યું હતું.

આ તરફ એસ. એલ. ઈન્ડસ્ટ્રીઝે પણ પોતાની સાથેના બેઝમેન્ટ લીઝ આઉટ કરારોનો એકાએક ભંગ કરી દેવા બદલ બીબીએ સામે રૂા. ૧ કરોડની નુકસાની ભરપાઈનો અને કરારનું પુનઃગઠન કરવાનો દાવો સિટી સિવિલ કોર્ટમાં માંડ્યો છે. આમ ૧૯૪૮માં સ્થપાયેલી બીબીએને તેની શાખ સામે આવી પડેલી વિડંબનાઓમાંથી બચાવી લેવાનો જંગ પ્રથમ વખત ખેલવાનો આવશે.